# Fun with Family

Day - 10, 08 - 04 - 2020



" FUN WITH FAMILY " TEAM'S REQUEST

## STAY HOME, STAY SAFE

ઘરે રહો, સલામત રહો...

# તો મિત્રો હો જાઓ તૈયાર આજકે FUN કે લીએ...

1.



## “ Family કીર્તન-આરાધના ”

તો શરૂ કરી દો તૈયારી... યાદ રાખજો...
મમ્મી - પપ્પા - ભાઇ - બહેન - દાદા - દાદી બધાએ
એક - એક કીર્તન રજૂ કરવાનું છે...
( ઢોલ/તબલા = ડબ્બા, ચમચી, ડીશ, ઓશીકા...)

2.



## “ રાજીપાનો વિચાર ”

“ હવે આખો પરિવાર ઠાકોરજીની મૂર્તિ સમક્ષ ધ્યાનની સ્થિતિમાં બેસીશું
અહીં લીંકમાં આપેલો ઓડિયો સાંભળી રાજીપાના વિચારનું નિદિધ્યાસન કરીશું...”

https://bit.ly/2wnrzh5

3.



હવે, અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિ
ટેબલ પર પધરાવી...એક દીવો પ્રગટાવી...
સિધ્ધાંત ગાન કરીશું...
અહીં આપેલી લીંકમાં આપને ઓડિયો સંભળાશે.

https://bit.ly/2VbA72J

4.

## અબ હો જાઓ તૈયાર “ સત્સંગ વિહાર ક્વીઝ ” કે લીએ..



ગુજરાતી https://bit.ly/2JJHIAx
हिन्दी https://bit.ly/34ufNOF
English https://bit.ly/3e5VPhe



# મમ્મીને મદદ



બાળમિત્રો,

આજે મમ્મી પાસેથી પલંગ સેટ કરતા શીખીશું...

અને ૩-૪ વાર પ્રેક્ટિસ કરીશું.

( બેડશીટ પાથરતા, ઓશીકાને કવર ચઢાવતા,
પલંગ પર ગાદલું-કવર પાથરતા વગેરે...)





હવે એક ડ્રોઈંગ પેપર પર

વોટર કલર અથવા ચોક કલરથી

'' અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ ''

એ ગુરુમંત્રનું લેખન કરી...૫ વાર એ મંત્રનું ગાન કરીશું

અક્ષરમ્ અહં
પુરુષોત્તમ દાસોસ્મિ





ચાલો મમ્મીની મદદ લઇ અનાજને
નામથી ઓળખતા શીખીએ...

ઉદા. - ઘઉં, જુવાર, મકાઇ, ચોખા, બાજરી, મગ, ચણાદાળ...





## FUN ZONE



### ઉખાણાં

કાગળ જેવો કાગળ, પણ માન બહુ અપાય;
જેની પાસે વધુ જાય, તે માલદાર કહેવાય.

ચલણી નોટ



ચાલો... થોડી '' Exercise '' શીખીએ.
દમ લગા કે હૈસા....

https://bit.ly/2JMNvVV





Let's have " Fun With Family "...
અહીં આપેલી લીંક દબાવો અને તેમાં આપેલી રમત પરિવારના સભ્યો સાથે રમો.

https://bit.ly/2V3w60c

# એકપાત્રીય અભિનય

બાળમિત્રો,

થઇ જાઓ તૈયાર...

આજે આપણે ‘‘ રંગલો ’’ બનવાનું છે...

ડ્રેસ, મેકઅપ સાથે તૈયાર થઇ ઘરના સભ્યો સામે

અભિનય રજૂ કરીશું...

અને મસ્ત એકશન સાથે ઝીણાભગતના ગુણો કહીશું.

https://bit.ly/3aPT15W



# " નવું નવું શીખીએ "

બાળમિત્રો, એક સાદા કાપડમાંથી પણ આપણે ઘણું બનાવી શકીએ છીએ...
ચાલો શીખીએ...અને બનાવીએ.

https://bit.ly/2XhoVV5



## અહીં ભગવાન સ્વામિનારાયણના ચરણચિહ્નો દર્શાવ્યા છે...
## પણ શું તમે તેને દોરીને નીચે લખેલા નામમાંથી
## તે ચિહ્નનું નામ લખી શકો છો...?



૧.__________



૨.__________



૩.__________



૪.__________



૫.__________



૬.__________



૭.__________

ધ્વજ, ત્રિકોણ, કળશ,
ધનુષ, અષ્ટકોણ, કમળ, જવ



# MY GURU MY LIFE



**બાળમિત્રો,**

**આજે આપણે આપણા ગુરુ મહંતસ્વામી મહારાજને**
**પત્ર લખીશું...જેમાં આપણા મનની વાત/પ્રાર્થના લખીશું...**
**અને તે પત્ર કાલે સવારે પૂજામાં અવશ્ય મૂકીશું...**
**જેથી તે પ્રાર્થના સ્વામીશ્રી વાંચી શકે...**






# Story Time

## રસ્તા વચ્ચે પથ્થર



એક વખત એક રાજાને પ્રજાની પરીક્ષા કરવાનો વિચાર આવ્યો. તે વેશપલટો કરીને નગરમાં ફરવા નીકળ્યો. રાજા જાણવા માંગતો હતો કે પોતાની પ્રજા કેટલી જવાબદાર છે? તેથી રાજાએ રસ્તા વચ્ચે એક મોટો પથ્થર મૂક્યો. પથ્થર નીચે સોનામહોર છુપાવી. જે આ પથ્થર હટાવશે તેને આ સોનામહોર ઇનામ રૂપે મળશે, એમ વિચારી રાજા એક ઝાડ પાછળ સંતાઈને ઊભો રહ્યો.

થોડીવારમાં એક દૂધવાળો સાઈકલ પર બેસી એ રસ્તા પરથી પસાર થયો. તેની સાઈકલ પથ્થર સાથે 'ધડામ્' કરતી અથડાઈ અને તે નીચે પડી ગયો. કેનમાંથી બધું દૂધ રસ્તા પર ઢોળાઈ ગયું અને તેની સાઈકલને પણ નુકસાન થયું.
તે ગુસ્સે થઈને બોલ્યો, 'ક્યા મૂર્ખાએ રસ્તા વચ્ચે આવડો મોટો પથ્થર નાખ્યો છે ?' પથ્થર મૂકનારને ગાળો દેતો-દેતો દૂધવાળો ત્યાંથી જતો રહ્યો.





થોડી વાર પછી કેટલીક સ્ત્રીઓ માથે પાણીનાં બેડાં મૂકી વાતો કરતી કરતી ત્યાંથી પસાર થઈ. એક સ્ત્રી તે પથ્થર સાથે અથડાઈ ગઈ અને તેનું બેડું માથા પરથી નીચે પડી ફૂટી ગયું. તે લંગડાતા પગે ચાલતી-ચાલતી આગળ વધી ગઈ. આમ છતાં એક પણ સ્ત્રીએ પેલા પથ્થરને રસ્તા પરથી દૂર કરવાનો વિચાર પણ કર્યો નહિ !

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**



આમ, રાજાએ ઘણા લોકોને ત્યાંથી પસાર થતા જોયા. અનેક લોકો એ પથ્થર સાથે અથડાયા અને ઘવાયા. છતાં કોઈએ પથ્થર ઊંચકીને રસ્તાની બાજુ પર મૂક્યો નહિ. રાજાને થયું, 'મારા આખા રાજ્યમાં કોઈ પણ એવું નથી, જે પોતાની જવાબદારી સમજે અને આ પથ્થરને દૂર કરે ?' આમ, રાજા નિરાશ થઈ ગયો. પરંતુ તેવામાં...

શાળાએથી ઘરે જતા એક બાળકે આ પથ્થરને જોયો. તેણે ખૂબ મહેનત કરીને પથ્થર દૂર હટાવ્યો. પથ્થર નીચે દટાયેલ સોનામહોર પણ જોઈ. તેણે આમ તેમ નજર કરી અને સોનામહોર ખિસ્સામાં મૂકી ઘર તરફ રવાના થયો. રાજા આ જોઈને ખુશખુશાલ થઈ ગયો. તેને સંતોષ થયો. અને તેણે બાળકને મોટું ઇનામ આપવાનું નક્કી કર્યું. બાળદોસ્તો થોભો, વાર્તા આટલેથી પૂરી થતી નથી.





બીજે દિવસે પેલો બાળક રાજા પાસે ગયો. પોતાને મળેલી સોનામહોર રાજાને આપતાં કહ્યું, 'રાજાજી, મને આ રીતે રસ્તામાંથી મળેલી સોનામહોર પર રાજ્યનો હક ગણાય. એ મારી નથી એટલે હું કેવી રીતે લઈ શકું ? આપ તેને રાજ્યના ખજાનામાં રાખો.' રાજા આ બાળકની જવાબદારી અને પ્રામાણિકતા જોઈ ખૂબ જ ખુશ થયો. તેણે બાળકને સાચી વાત જણાવી. અને બીજી દસ સોનામહોર ઇનામમાં અપાવી.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# The Stone on the Road



Once upon a time, there lived a king who decided to see how responsible his subjects were. The king dressed up as a common man and entered the village square. He put a huge rock in the middle of the road, and placed a coin of gold under it. Whoever would be responsible enough to pick up the rock and move it out of the way, would get to keep the gold as a reward.

The king hid behind a tree and waited as people went by. Just then a milkman was going past on his cycle. He didn't see the rock and his bike went crashing straight into it! He fell down and his bike came tumbling down with it, spilling milk everywhere!

"Which idiot put this rock on the road?!" shouted the milkman as he got up and walked off with his damaged bike.





Next, a group of women came by, carrying water pots on their head. One of the women tripped over the rock and her water pot came tumbling down and broke, spilling water everywhere!

She got up and limped away, not even thinking about moving the rock. The king watched all of this in disbelief.

**Friends, today you have to prepare this story and present it to the parents.**



The king watched as lots of people continued to walk past or trip over the rock and not think of moving it. The king became sad and thought to himself, "Isn't there anyone in my kingdom who is responsible enough to do something as simple as clear the road of this big stone?

Just then a school kid came passing by and he saw the stone. He tried to lift it but couldn't do so. Eventually after a lot of effort he managed to shift it out of the way – and there he discovered the hidden gold! He took it and quickly put it into his pocket and made his way back home. But wait! The story doesn't end here!





The following day the kid came to the king's palace and brought the gold coin with him. He told the king that he had found it and that he had come to hand it over to him. It wasn't his so he couldn't take it! The king was delighted by the child's honesty. He told the child the truth and how he had done this to test his people's sense of responsibility.

The king rewarded the little boy with a lot of gold - and chocolates, of course!

**Remember, you have to perform this story in front of Mom and Dad.**










**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**“ Fun With Family ” ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો .... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફસને જોઇએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફસ જોઇ શકશો.**

**https://photos.app.goo.gl/UZSovvgoPmYEChPu8**



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. ( **9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ